# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2025-26/371 Dt. 19/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટી દ્વારા દ્વારા અમદાવાદમાં ચાર દિવસીય આર્ટ એક્ઝિબિશન યોજાયું

## ગુરૂવારથી રવિવાર સુધી અમદાવાદ સ્થિત સત્ય આર્ટ ગેલેરી ખાતે આયોજિત એક્ઝિબિશનમાં સુરતના ૧૯ કલાકારોએ વિવિધ કલાકૃતિઓ પ્રદર્શનમાં મુકી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટી દ્વારા કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદમાં તા. ૧૯થી ૨૨ માર્ચ, ૨૦૨૬ સુધી બપોરે ૧૨:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક દરમ્યાન અમદાવાદ સ્થિત નવરંગપુરા વિસ્તારમાં ગુજરાત વિદ્યાપીઠની પાછળ આવેલી સત્ય આર્ટ ગેલેરી, નવજીવન ટ્રસ્ટ ખાતે ચાર દિવસીય આર્ટ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો ગુરૂવાર, તા. ૧૯ માર્ચથી શુભારંભ થયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં અમદાવાદના નામાંકિત કલાકારો જાણીતા આર્ટ કયુરેટર શ્રી અનુજ અંબાલાલ, સુરતના જાણીતા વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર અને કયુરેટર શ્રી સૌરભ દેસાઈ, કલા ગુરૂઓ શ્રી જય ગોહિલ અને શ્રી રાકેશ ગોહિલ, નવજીવન ટ્રસ્ટના ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વિવેક દેસાઇ, ક્રેમેગના પ્રમુખ શ્રી એન. રવિન્દ્રનાથન, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીંગના ચેરપર્સન સુશ્રી આશાબેન વઘાસિયા, ફિક્કીના ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન શ્રી અંકિત પટેલ, બેન્ચમાર્ક ઇન્ડસ્ટ્રીના ચેરમેન શ્રી નિશિથ જોશી, ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી,

માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલા, શ્રીમતી કૃતિકા શાહ, શ્રીમતી માનસી વિરાણી, સુશ્રી અવની દેસાઇ અને અમદાવાદ કલા જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ જણાવ્યું હતું કે, સુરતના કલાકારો સમગ્ર ગુજરાતમાં પણ પોતાની કલાનું પ્રદર્શન કરી શકે તે હેતુથી અમદાવાદ ખાતે આર્ટ એકિઝબિશન યોજાયું છે. આ એકિઝબિશન કલા અને સંસ્કૃતિના પ્રચાર પ્રસાર માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે, જ્યાં કલા રસિકોને આજથી ચાર દિવસ માટે વિવિધ કલાકૃતિઓને નિહાળવાનો અવસર મળ્યો છે.

આ આર્ટ એકિઝબિશનમાં કુલ ૧૯ પ્રતિભાશાળી કલાકારો તેમની વિવિધ પ્રકારની કલાકૃતિઓ પ્રદર્શિત કરી રહ્યા છે. ચિત્રકલા, સર્જનાત્મક અભિવ્યક્તિ અને કલાના વિવિધ પ્રકારો સાથે જોડાયેલી આ કૃતિઓ કલા રસિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. અમદાવાદના મુલાકાતીઓ અલગ–અલગ શૈલી અને વિષયવસ્તુ ધરાવતા આર્ટ વર્કર્સને નજીકથી નિહાળી રહ્યા છે.